Sheetal
ANY TIME TASTY
Noodles
© 73000 51000

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૧૯-૦૩-૨૦૨૪ મંગળવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ફાગણ સુદ ૧૦ વર્ષ : ૨૮ અંક ૧૮૫

યોજના - ૧
વાર્ષિક લવાજમ
માત્ર રૂપીયા
૭૯૯/-
માં વર્ષભર મેળવો
અવધ ટાઇમ્સ

વાર્ષિક લવાજમ યોજના
सत्यमेव जयते
AVADH TIMES DAILY
અવધ ટાઇમ્સ
આજે જ આપના ગામના, આપની નજીકના અવધ ટાઇમ્સના અધિકૃત
એજન્ટ પાસે લવાજમ ભરી વર્ષભર મેળવો ખબરોનો ખજાનો ઘરબેઠા

યોજના - ૨
વાર્ષિક લવાજમ
૮૫૦/-
સાથે મેળવો
ઇન્સ્યુલેટેડ
વોટર બોટલ

લવાજમની મુદત તા.૧-૪-૨૪ થી ૩૧-૩-૨૦૨૫
વધુ માહિતી માટે સંપર્ક કરો :- (૦૨૭૯૨) ૨૨૩૮૯૬, ૨૨૪૮૯૬
અવધ ટાઇમ્સનું લવાજમ કાર્યાલય ઉપર પણ સ્વીકારાય છે | અમરેલીમાં અવધ ટાઇમ્સ મેળવવા માટે : નિર્મળ ન્યુઝ મો.૯૪૨૬૨ ૧૯૬૨૦

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૫૭,૯૯૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૮-૦૩-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

## ટીકીટ આપ્યા વગર શ્રી સંઘાણી પરિવારને ભાજપ પ્રચાર પ્રસાર માટે મજબુર કરી દેશે ?

# પરિવારને બદલે એવી જગ્યાએ ટીકીટ કે શ્રી સંઘાણી પરિવાર મેદાનમાં ઉતરવા મજબુર થઇ જાય

### ભાજપના સૌથી જુના અને સાદગીભર્યા કાર્યકર્તા અને શ્રી સંઘાણી પરિવારના અંગ જેવા શ્રી રમેશ શીંગાળાને પણ મેદાનમાં ઉતારી શકે છે ભાજપ



અમરેલી,(ફીલ્ડરિપોર્ટર)

ભાજપના સ્થાપના કાળથી ભાજપની સાથે જોડાયેલા ભાજપના દિગ્ગજ નેતા શ્રી દિલીપ સંઘાણી માટે એમ કહેવાય છે કે, અમરેલી જિલ્લામાં ભાજપ એટલે શ્રી સંઘાણી અને શ્રી સંઘાણી એટલે ભાજપ.

પણ હાલમાં ભાજપની ટીકીટમાં અમરેલી જિલ્લામાં મામલો અસમંજસમાં છે અને મો એટલી વાતો થઈ રહી છે ત્યારે ભાજપના સુત્રોમાં એક નવી વાત પણ સામે આવી રહી છે કે, ભાજપ શ્રી સંઘાણી પરિવારને ટીકીટ આપ્યા વગર ભાજપના પ્રચાર પ્રસાર માટે મજબુર કરી દેશે અને તેના માટે પરિવારને બદલે એવી જગ્યાએ ભાજપ ટીકીટ આપશે કે શ્રી સંઘાણી પરિવાર મેદાનમાં ઉતરવા મજબુર થઈ જાય.

આના માટે એવું નામ સામે આવી રહયું છે કે ભાજપના સૌથી જુના અને સાદગીભર્યા કાર્યકર્તા અને શ્રી સંઘાણી પરિવારના અંગ જેવા શ્રી રમેશ શીંગાળાને પણ ભાજપ મેદાનમાં ઉતારી શકે છે શ્રી રમેશ શીંગાળા જિલ્લા બેન્કના કર્મચારી સાથે શ્રી સંઘાણી પરિવારનું એક અંગ પણ ગણાય છે અને ભાજપના ત્રણ દાયકા જુના પાયાના કાર્યકર પણ ગણાય છે. અને શ્રી નરેન્દ્ર મોદી પણ તેમને વ્યકતીગત ઓળખે છે.



## ચલાલા, મોટા કણકોટ અને થોરખાણમાં ચારના મોત (૪)

એક એવી શાળા કે જ્યાં ભણવાનું ગૌરવ થાય..
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં
બાલમંદિરથી ધોરણ - ૧૨ (સાયન્સ, કોમર્સ, આર્ટસ)
ગુજરાતી / અંગ્રેજી માધ્યમ, બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
Divy
+91 84600 38303
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
- સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
- દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
- દાંતમાંથી નીકળતા લોહી, મોંઢાની દુર્ગંધ તેમજ પાન-મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઈ.
- પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
- દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
- દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
- દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
- નાના બાળકોના તમામ દાંત અને પેઢા
- ઓછા ખુલતા મોંઢાની સારવાર.
- પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

END OF SEASON
SUMMER SALE!
5 MARCH to 30 APRIL 2024
ખરીદી કરો... 9,999/- ની મેળવો YAYAVAR કંપનીની ટ્રોલીબેગ M.R.P. 5,100/- ફક્ત ₹.299/- માં
ખરીદી કરો... 5,999/- ની મેળવો IMPORTED કંપનીનું સાઇડબેગ M.R.P. 1,399/- ફક્ત ₹.99/- માં
T&C Apply - Limited Period Offer
Afreen
11- Jalaram Chamber, Library Road, AMRELI - 365 601 (Guj.) India.
Siraj Dal - +91 97144 77715

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
સતત 5th Times
C.O.T. 2024
LIC
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઇન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

## જીવનનું પ્રથમ રોજુ (ઉપવાસ)

## મુબારક




ઇસ્લામ ધર્મના પવિત્ર - રમજાન માસ દરમિયાન ખુદાની ઇબાદતની નાની ઉંમરે શરૂઆત કરનાર કુ.લીઝા ને પ્રથમ રોજુ મુબારક હો

રોજેદાર : લીઝા
ઉંમર : ૬ વર્ષ
શહેર : ગાંધીનગર

-:: દુઆગીર ::-
નિલોફર (માતા)
મહમદ અઝરૂદીન (પિતા)
ડો.બાદરભાઇ (દાદા)
હવાબહેન (દાદી)

Sheetal
We are HIRING!
BACK OFFICE
Number of position : 01
Segment : All Segment
Experience : 1 to 2 Years
Location : Amreli
HR RECRUITER
Number of position : 01
Segment : All Segment
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com

Since 1979
एक सेहतभरी पसंद
RANI
પ્રીમિયમ કપાસિયા અને સનફ્લાવર ઓઇલ
વિટામિન E (ટેકોફેરોલ)નો સારો સ્ત્રોત
પચવામાં હળવુંફુલ તેલ
તળવા માટે શ્રેષ્ઠ
RANI REFINED COTTONSEED OIL
RANI REFINED SUNFLOWER OIL
Kaneriya Oil Industries
www.ranioil.com




અવધ ટાઈમ્સ

# ઇલેક્શન - ૨૦૨૪

www.avadhtimes.net અમરેલી ૨ તા.૧૯-૦૩-૨૦૨૪ મંગળવાર




## માટેલધામમાં ખોડીયાર માતાજીનાં આશિર્વાદ મેળવતા શ્રી પરશોત્તમ રૂપાલા : ધ્વજા રોહણ

# રાજકોટ સંસદીય મત વિસ્તારને ધમરોળતા શ્રી પરશોત્તમ રૂપાલા

### વાંકાનેર પટેલ સમાજ વાડીમાં દેવી પુજક સમાજનું સંમેલન : વાંકાનેરનાં શ્રી કેસરીદેવસિંહજી જાડેજા સાથે પ્રબુધ્ધ નાગરીક સંમેલનમાં શ્રી રૂપાલાનું ભવ્ય સ્વાગત અને અભિવાદન



અમરેલી,

ભાજપનાં ઉમેદવાર શ્રી પરશોત્તમ રૂપાલા દ્વારા સમગ્ર રાજકોટ સંસદીય મત વિસ્તારનો પ્રચાર પ્રવાસ શરૂ થયો છે અને જે રીતે છેલ્લા ચાર પાંચ દિવસથી વિજળી વેગે તેમનો પ્રચાર પ્રવાસ ચાલી રહ્યો છે તે જોતા ચુંટણી સુધીમાં તે ચાર વખત રાજકોટનાં સંસદીય મત વિસ્તારને ધમરોળી નાખે તેવુ લાગી રહ્યું છે.

શ્રી પરશોત્તમ રૂપાલાએ વિશ્વ પ્રસિધ્ધ માટેલધામમાં ખોડીયાર માતાજીનાં આશિર્વાદ મેળવ્યા હતા અને ધ્વજારોહણ કર્યુ હતું. આ ઉપરાંત વાંકાનેર પટેલ સમાજ વાડીમાં દેવી પુજક સમાજનું સંમેલન સંબોધ્યું હતું અને વાંકાનેરનાં રાજવી શ્રી કેસરીદેવસિંહજી જાડેજા સાથે પ્રબુધ્ધ નાગરીક સંમેલનમાં શ્રી પરશોત્તમ રૂપાલાનું ભવ્ય સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું.

### મેટોડા, ભાડલા, કમળાપુર, વિંછીયા, પીપરડી જિલ્લા પંચાયત બેઠકનાં આગેવાનો કાર્યકરો સાથે મુલાકાત કરતા શ્રી પરશોત્તમ રૂપાલા : જન જન દ્વારા શ્રી રૂપાલાને અભુતપુર્વ આવકાર

રાજકોટ જિલ્લા પંચાયતની મેટોડા, ભાડલા, કમળાપુર, વિંછીયા, પીપરડી જિલ્લા પંચાયત બેઠકનાં આગેવાનો કાર્યકરો સાથે શ્રી પરશોત્તમ રૂપાલાએ મુલાકાત કરી હતી. સમગ્ર વિસ્તારમાં અબાલ વૃધ્ધ સહિત જન જન દ્વારા શ્રી રૂપાલાને અભુતપુર્વ આવકાર મળી રહ્યો છે.

### છેલ્લા પાનાનું ડમી વિદ્યાર્થી

૧૭૪૨૨માંથી ૫૫૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યાં હતાં. સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરૂકુળ જેસર રોડમાં ધો.૧૦માં ડમી વિદ્યાર્થી ઝડપાયો હતો. વિજ્ઞાન પ્રવાહમાં ધો.૧૨માં ગણિતનાં પેપરમાં ચાર બિલ્ડીંગમાં કુલ ૫૫૧ વિદ્યાર્થીમાંથી ૪ વિદ્યયાર્થી ગેરહાજર રહ્યાં હતાં જ્યારે ધો.૧૨ કોમર્સ વાણિજ્ય વ્યવસ્થાનાં પેપરમાં ૩૬ બિલ્ડીંગ કુલ ૪૩૬૧માંથી ૨૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યાં હતાં.

### ગુજરાતનાં ૧૪ શહેરોમાં ગરમીનો પારો ૩૬ ડિગ્રીને પાર પહોંચી ગયો

(જી.એન.એસ), અમદાવાદ, ગુજરાતમાં કાળઝાળ ગરમીના દિવસો શરૂ થઈ ગયા છે. હાલ ગુજરાતના અનેક શહેરો આગની જેમ શેકાતા હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, ગુજરાતનાં ૧૪ શહેરોમાં ગરમીનો પારો ૩૬ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. તો ૫ શહેરોમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી અને તેથી વધુ નોંધાયું છે. ૩૮ ડિગ્રી સાથે નલિયા સૌથી વધુ ગરમ રહ્યું છે. રાજ્યમાં કાળઝાળ ગરમી આવી ગઈ છે. રાજ્યના તમામ શહેરોમાં તાપમાન ઉંચકાયું છે.

### ટીકીટ માટે આખરી કશ્મકશ વચ્ચે

# પીઢ સહકારી આગેવાન શ્રી દિપક માલાણી દિલ્હીમાં

### શ્રી દિપક માલાણીના અચાનક દિલ્હી પહોંચ્યા : ઉમેદવાર અંગે અટકળો



અમરેલી, (ફીલ્ડરિપોર્ટર) લોકસભાની અમરેલી બેઠકમાં ભાજપના ઉમેદવાર કોણની અનેક અટકળો અને ટીકીટ માટેની કશ્મકશ વચ્ચે પીઢ સહકારી આગેવાન શ્રી દિપક માલાણી દિલ્હીમાં પહોંચતા અનેક અટકળો શરૂ થઈ છે શ્રી માલાણી ટીકીટ માટે કે પછી...તેવા સવાલો વચ્ચે રાજકારણના આટાપાટામાં કસાયેલા શ્રી દિપક માલાણીના અચાનક દિલ્હીમાં હોય તેના માટે અનેક પ્રકારની અટકળો વહેતી થઈ છે.

# ઇંગોરાળા સેવા સહકારી મંડળીના ઉચાપત કેસમાં કર્મચારીનો નિર્દોષ છુટકારો કરાવતા સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી

### સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોને ધ્યાને લઇ બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી. શ્રી એસ.સી. વાઘેલા દ્વારા મુખ્ય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ



અમરેલી, આ કામની ફરીયાદ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વહીવટદારશ્રીએ જે તે સમયના ઈંગોરાળા સેવા સહકારી મંડળીના મંત્રી તથા પ્રમુખ તથા સેક્રેટરી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલી હતી અને આ ફરીયાદમાં તેઓએ ઈંગોરાળા સેવા સહકારી મંડળીમાંથી ખોટા દસ્તાવેજો બનાવી ગેરકાયદેસર રીતે ખોટુ રેકર્ડ ઉભુ કરી પગાર વધારો લઈ અને આ પગાર વધારાની રકમ પોતાના અંગત હેતુ માટે વાપરી રૂા. ૫૨,૬૦૦/- તથા રૂા. ૨૫,૮૮૪/- ની રકમની ઉચાપત કરેલ હોય જે હકીકત વહીવટદારશ્રીના ધ્યાને આવતા તેમણે ઉપરોક્ત રકમની ઉચાપત કરવા બદલ તથા અન્ય ગેરરિતી આચરવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૮, ૪૦૯, ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧, ૪૭૭(ક) તથા ૧૧૪ મુજબની ફરીયાદ બાબરા કોર્ટમાં નોંધાવતા બાબરા કોર્ટે જે તે સમયે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૫૬(૩) મુજબ પોલીસ તપાસનો આદેશ કરેલ હતો. ત્યારબાદ નામદાર કોર્ટના ઉપરોક્ત હુકમના આધારે પોલીસે તપાસ કરેલી અને ત્યારબાદ આ કામે તપાસના અંતે ચાર્જશીટ કરવામાં આવેલ હતું. આ કામે ફરીયાદમાં જણાવેલ ઈંગોરાળા સેવા સહકારી મંડળીના કર્મચારી ઘનશ્યામભાઈ કાંતિભાઈ મહેતા તથા અન્ય ઈસમો સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૮, ૪૦૯, ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧, ૪૭૭(ક) તથા ૧૧૪ મુજબની ફરીયાદ વિગતે આ કામના આરોપીઓ સામે કાનુની કાર્યવાહી શરૂ કરવા માટે ચાર્જશીટ કરવામાં આવેલું. ત્યારબાદ આ અંગેનો કેસ ચાલી જતા સરકાર તરફે બેંકના વહીવટદારશ્રી ને તથા અન્ય સરકારી કર્મચારીઓને તથા પોલીસ ખાતાના અધિકારીઓને તપાસવામાં આવેલ હતા. આ બાબતે ઉપરોક્ત કેસ નામદાર બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી. શ્રી એસ.સી. વાઘેલા ની કોર્ટમાં ચાલી જતા ફરીયાદપક્ષ પોતાનો કેસ આ કામના આરોપી વિરૂધ્ધ સાબીત નહીં કરી શક્તા આ કામના મંડળીના કર્મચારી ઘનશ્યામભાઈ કાંતિભાઈ મહેતાને નિર્દોષ છોડી મુક્વાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ શ્રી ઉદયન ત્રિવેદી તથા આર.બી. બારૈયા રોકાયેલ હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ આ કામના મંડળીના કર્મચારી ઘનશ્યામભાઈ કાંતિભાઈ મહેતાને નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો હુકમ બાબરાના પ્રિન્સીપલ જયુડી. મેજી. શ્રી એસ.સી. વાઘેલા દ્વારા કરવામાં આવેલ છે.

### -:: જાહેર નોટીસ ::-

**મોજે - મોરવાડા, તા.વડીયા - કુંકાવાવ, જી.અમરેલી, ખાતા નં.૬૩૬ રે.સ.નં. ૧૨, હેક્ટર ૦-૪૦-૪૭, રે.સ.નં. ૧૨/પૈકી ૧, હેક્ટર ૨-૪૨-૮૧, રે.સ.નં.૧૨/પૈકી ૨, હેક્ટર ૦-૪૦-૪૭**

અમો ચંદ્રેશ આર.રોશનીયા (એડવોકેટ) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે, મોજે મોરવાડા, તા.વડીયા - કુંકાવાવ, જી.અમરેલીની ઉપરોક્ત વિગતે મળી કુલ હે.૩-૨૩-૭૫ વાળી ખેતીની જમીન રાણસુરભાઇ ભીખાભાઇ કાગડા તથા રાયમલભાઇ ભીખાભાઇ કાગડા તથા સુખાભાઇ ભીખાભાઇ કાગડાના સંયુક્ત નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, સ્વપાર્જીત, બિન બોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાની જણાવી અમારા અસીલને વેંચાણ આપવાનું નક્કી કરેલ છે.

તો ઉપરોક્ત જમીન કે તેના કોઇપણ ભાગ ઉપર કોઇપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઇપણ શખ્સનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ હોય કે અન્ય હક્ક જેમ કે ઉપજ - નિપજ / ખેતી / ગણોત / લીઝ લાયસન્સ / કબજો ભોગવટો / બાનાખત કે રહેણાંકનો કે વારસાઇ કે અન્ય કોઇપણ પ્રકારના હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તાએ તેમની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૮ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઇ ભાગ પરત્વે અન્ય કોઇના કોઇ જ હક્ક, હિત, હિસ્સો, સબંધ, લાગ ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો ચાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યાર બાદ કોઇની કોઇપણ પ્રકારની દાદ, ફરિયાદ કે વિવાદ ચાલશે નહી.

તારીખ : ૧૮-૦૩-૨૦૨૪

ઠે.મેઇન બજાર, પુલ પાસે, મુ.વડીયા (જી.અમરેલી) મો.૯૯૨૫૩ ૦૪૪૪૯

ચંદ્રેશ આર.રોશનીયા (એડવોકેટ)
તે અમારા અસીલની સુચનાથી

### -:: જાહેર નોટીસ ::-

આથી અમો નોટીસ આપી જાહેર કરીએ છીએ કે અમોના અરજદાર શ્રી ખુમાણ લાભુબેન આપાભાઇ વા/ઓ વરૂ વિરાભાઇ પીઠાભાઇ જેઓ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાનાં મોજે - કુંડલા ગામે આવેલ ખેતીની જમીન જેના ખેડ ખાતા નંબર ૬૩૫ જેના રે.સર્વે નંબર - ૪૧૫ જેના હે.આરે.ચો.મી. ૨-૫૬-૯૦ જેમનો આકાર - ૧૫-૫૦ વાળી ખેતીની જમીન જે (૧) સિંધવ ભરતભાઇ જેઠાભાઇ (૨) સિંધવ ખોડાભાઇ ભગાભાઇ (૩) સિંધવ ભીખાભાઇ પુનાભાઇ (૪) સિંધવ ગભાભાઇ દાનાભાઇ (૫) સિંધવ લાલાભાઇ પાચાભાઇ ના સંયુક્ત નામે ચાલે છે. જે લોકો પાસેથી અમોના અરજદાર વેચાણ દસ્તાવેજથી ખરીદવાની હોય છે. જો કોઇને વાંધો તકરાર હોય તો દિન-૧૫ માં અમોના એડ્રેસ પર રૂબરૂ મળવુ પુરાવા સાથે બાકી ૧૫ દિવસ પછી દસ્તાવેજ કરી નાખવામાં આવશે.

રાજુભાઇ બી.ખુમાણ (એડવોકેટ)
મુ.સાવરકુંડલા, જી.અમરેલી
મો.૯૫૩૭૦ ૪૫૨૯૯


**તદન વ્યાજબી ભાવમાં પ્રોપર્ટી વેચવાની છે**

લાઠી રોડ, સ્માર્ટ બજાર પાછળ ૧૦૦ ચો.મી. પ્લોટમાં ઉગમણા બારનું 2BHK મકાન વેચવાનું છે

શિવલીલામાં 2BHK એવા ત્રણ મકાન P.R. કાર્ડ સાથે ૧૧.૯૯

શ્રીરંગ ચિતલ રોડ ઉપર ૨ વસા જગ્યામાં ફર્નિચર સાથે વિશાળ બંગલો વેચવાનો છે

મહિલા સોસાયટીમાં દોઢ વસાનો પ્લોટ અને 3BHK મકાન વેચવાનું છે

શિવલીલામાં ૧૨૦ ચો.મી.ના ૮ લાખ | રામાણી-૨ માં ૧ વસાના ૮ લાખ

લાભમ્ પ્રોપર્ટીઝ મો.૯૪૨૮૯ ૭૦૯૫૪

**તદન વ્યાજબી ભાવમાં પ્રોપર્ટી વેચવાની છે**

સુખનાથપરામાં ચક્કરગઢ રોડ પર રોડ ટચ પાંચ વસાનો કોર્નરનો પ્લોટ વેચવાનો છે

ધારી રોડ નેશનલ હાઇવે ટચ ઔધોગીક ૮+૯+૨૦ વસા

એસ.ટી. ડિવીઝન સામે ૧૦૩ ચો.મી.ના પ્લોટમાં 2BHK મકાન વેચવાનું છે

લાભમ્ પ્રોપર્ટીઝ મો.૯૪૨૮૯ ૭૦૯૫૪






મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો.99 74 77 23 77



॥ અતિથી દેવો ભવ ॥

સૌરાષ્ટ્રનું નંબરવન નઝરાણું

Avadh HERITAGE "One step close to paradise"

કે.બી.ગ્રૂપ

અવધ હેરિટેજ રિસોર્ટ

હોળી-ધુળેટી ધમાકા...જોતા રહો

શુભ લગ્ન, રીંગ સેરેમની, મેરેજ એનીવર્સરી, બર્થ ડે

- ડીલક્ષ રૂમ, સુપર ડીલક્ષ રૂમ
- મહારાજા - મહારાણી સ્યુટ રૂમ
- ફેમીલી રૂમ, પ્રિમીયમ રૂમ
- એસી બેંક્વેન્ટ હોલ - કલબ હાઉસ કોટેઝ
- સ્વીમીંગપુલ
- ડીસ્કોથેક
- ઇનડોર ગેમ, જીમ - સિનેમા

પંજાબી, ચાઇનીઝ, સાઉથ ઇન્ડીયન, કોન્ટીનેન્ટલ, હોટ કોલ્ડ બેવરેજીસ

દેશ વિદેશમાં ધુમ મચાવનાર

અવધ શાહી દરબાર રેસ્ટોરન્ટ



અમરપુર વરૂડી, અમરેલી મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮



**॥ બજરંગ સ્ટીલ ॥**

અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઇઝ પાઇપ, બાઇન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે

સ્થળ : લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી

અતુલભાઇ વી.ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨

**ૐ એસ્ટેટ બ્રોકર**

પેટ્રોલ પંપ લે - વેચ માટે મળો

દરેક કંપનીના પંપ વેચાવ છે

મકાન વેચાવ છે : માણેકપરામાં - લીલીયા રોડ મણીબા પાર્કમાં મકાન. સુખનાથપરામાં - કેરીયા રોડ - હનુમાનપરામાં - લાઠી રોડ બ્રાહ્મણ સોસાયટીમાં, ચિતલ રોડે અમરેલી સીટીમાં કોઇપણ જગ્યાએ મકાન લે - વેચ માટે મળો. આજુબાજુમાં રોડ ટચ જમીન લે - વેચ માટે મળો

મો.૯૪૨૭૨ ૩૦૫૬૫, ૬૩૫૪૫ ૮૩૧૦૦

MUTUAL FUND SIP

ટીપે ટીપે સરોવર, કાંકરે કાંકરે પાળ..
SIP એ SIP એ ધનનાં ઢગલે ઢગલા..
આજે જ... અત્યારે જ શરૂ કરો
સંપર્ક : દ્વારકાદાસ લલાડીયા

નોલેજ આધારિત ઉમદા સર્વિસ

સમૃધ્ધિ સેતુ ઇન્વેસ્ટમેન્ટ-ઇન્સ્યુરન્સ સર્વિસ

ઓફીસ - ૧૭, બીજે માળે, સીટી મોલ, રાજકમલ ચોક, અમરેલી

ફોન : (૦૨૭૯૨) ૨૨૪૦૪૦ મો.૯૩૨૮૬ ૧૨૦૦૦ / ૯૯૨૫૬ ૨૮૨૭૪

સૌરાષ્ટ્ર એસંસ સ્ટોર્સનું ઉત્પાદન

**ઘઉંના પાપડ**
**ચોખાના પાપડ**

જીરૂ - મસાલાવાળા મળશે

સૌરાષ્ટ્ર એસંસ સ્ટોર્સ

ટાવર પાસે, અમરેલી મો.૯૮૭૯૨ ૩૪૩૩૨

શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ

ધુળેટીની મજા અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ

ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ

તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો
શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ

ફરાળી વાનગીઓની વિવિધ રેંજ

અવધ ડેરીફાર્મ સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

**સ્પેશિયલ મંદિર માટે**

આરતી, ઝાલર, મોરના અવાજની સાઉન્ડ સિસ્ટમ, તમારી પસંદ મુજબ બનાવી આપીશું. તેમજ કોઇપણ મંત્ર જાપની કીટ બનાવી આપીશું

સ્વામિ ઇલેક્ટ્રોનિક મો.૯૮૯૮૨ ૪૮૭૮૯

સ્ટેશન રોડ, પરમ હાઇટ્સ બિલ્ડીંગ, પહેલા માળે, ICICI બેંકની બાજુમાં પટેલ ટાયરની પાસે, અમરેલી

અમરેલીનું ગૌરવ

હોટલ રોયલ ફોરચ્યુન

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ



મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેઝોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**ૐ એસ્ટેટ બ્રોકર**

પેટ્રોલ પંપ લે - વેચ માટે મળો

દરેક કંપનીના પંપ વેચાવ છે

મકાન વેચાવ છે : ચક્કરગઢ રોડ, રામવાડીમાં મકાન ગંગાનગર - અમૃતનગર - આનંદનગર શેરી નં.૩ થી ૯ નંબર મકાન વેચાવ છે. ક્રિષ્ના પાર્કમાં, પનીહારી વિહારમાં, શિક્ષક સોસાયટીમાં જુનુ મકાન અમૃતધારામાં, એન્જલ ૪ માં નવા મકાન

મો.૯૪૨૭૨ ૩૦૫૬૫, ૬૩૫૪૫ ૮૩૧૦૦




દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો

વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પ્લેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**મોકાનું મકાન વેચવાનું છે**

ચક્કરગઢ રોડ, રામવાડી-૪, લેઉવા પટેલ શૈક્ષણિક સંકુલ નજીકમાં દોઢ વસા જમીનમાં કોર્નરનું, બંને બાજુ ૨૦ ફુટ પેવર રોડ પાણીના દારની સુવિધા, ફુલ ફર્નિશવાળુ મકાન માલીકને બહાર જવાનું હોવાથી તાત્કાલીક વેચવાનું છે ફોરવ્હીલ પાર્કિંગની સુવિધા સાથે

સંપર્ક સમય : રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦

સંપર્ક : મો.૯૪૨૯૨ ૨૨૦૧૮

## લોકોના પોતીકા અખબાર અવધ ટાઇમ્સની ૨૦૨૪/૨૫ની નવી વાર્ષિક લવાજમ યોજના લોન્ચ કરાઇ

# અવધ ટાઇમ્સની વાર્ષિક યોજનાનો ડ્રો યોજાયો

**અમરેલી જીલ્લાનાં લોકપ્રહરી એવા અગ્રેસર અવધ ટાઇમ્સનું મને બંધાણ છે : શ્રી નારણભાઇ કાછડીયા**

**અમરેલી જ નહી સમગ્ર ગુજરાતમાં અવધ ટાઇમ્સ જાય છે : નાયબ મુખ્ય ઉપદંડક શ્રી કૌશિક વેકરિયા**

**અવધ હવે અમરેલી કે ગુજરાત પુરતુ નહી પણ આખી દુનિયામાં પહોંચે છે : શ્રી અશ્વીન સાવલીયા**

**વીસ દેશમાં અમરેલીના વતનીઓ નેટ ઉપર અવધ ટાઇમ્સ નિહાળે તે મે જોયું છે : શ્રી મનિષ સંઘાણી**










## આજે પણ જાગીને ચા પહેલા સવારે સૌથી પહેલું મારે અવધ ટાઇમ્સ જ જોઇએ છે : શ્રી ડીકે રૈયાણી

અમરેલી,

રામ મંદિરનો ઉલ્લાસ હોય કે કોવિડનો કટોકટીભર્યો સમય હોય, દરેક વખતે લોકપ્રહરી બનીને દરેક સારા નરસા પ્રસંગોએ લોકોની સાથે રહેતા નંબર વન દૈનિક અવધ ટાઇમ્સની વાર્ષિક યોજનાનો ડ્રો યોજાયો હતો અને લોકોના પોતીકા અખબાર અવધ ટાઇમ્સની ૨૦૨૪/૨૫ની નવી વાર્ષિક લવાજમ યોજના લોન્ચ કરાઇ હતી.

વરૂડી અવધ હેરીટેજ રીસોર્ટમાં તા. ૧૭-૩ રવિવારના અવધ ટાઇમ્સ દૈનિકનો વાર્ષિક લવાજમ યોજનાનો ડ્રો યોજાયો હતો. આ પ્રસંગે સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા, રાજયના નાયબ મુખ્ય ઉપદંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, અમરડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલીયા, પ્રદેશ યુવા ભાજપ ઉપપ્રમુખ શ્રી મનિષભાઈ સંઘાણી, જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી રાજેશભાઈ કાબરીયા, કોંગ્રેસના પુર્વ જિલ્લા પ્રમુખ અને લેઉવા પટેલ સમાજના અગ્રણી ડી.કે. રૈયાણી સહિતના આગેવાનો દ્વારા દિપ પ્રાગટય કરાયું હતું.

આ પ્રસંગે ૧૦૮ કહેવાતા અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ જણાવ્યું હતું કે અમરેલી જિલ્લામાં લોકપ્રહરી એવા અવધ ટાઇમ્સનો અત્યાર સુધીમાં કોઇ મીડીયાએ મુકાબલો કર્યો નથી અવધ ટાઇમ્સ છેવાડાના દરેક માનવીની સાથે રહયું છે મારે વહેલી સવારે સાથી પહેલા અવધ ટાઇમ્સ જોઇએ અવધ ટાઇમ્સના વાર્ષિક લવાજમ યોજનાના ડ્રો પ્રસંગે અચુક મારી હાજરી હોય.અવધ ટાઇમ્સે ગામડાના છેવાડાના લોકોના પ્રશ્નોને વાચા આપી છે.અમરેલી જીલ્લામાં અવધ ટાઇમ્સ હંમેશા આગળ રહયું છે.

અમરેલી જિલ્લાને વિકાસના પંથે લઇ જવા માટે જે ઉજાગરા કરી અને કામ કરી રહયા છે તેવા અમરેલીના ધારાસભ્ય અને નાયબ ઉપદંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે આજે નહી તો કાલે અવધ ટાઇમ્સ વગર નહી ચાલે અવધ ટાઇમ્સના તંત્રી ભરતભાઈ ચૌહાણે કંડારેલી કેડીમાં અવધ ટાઇમ્સ સતત પ્રગતિ કરી રહયું છે સવારે જાગીએ એટલે અવધ ટાઇમ્સ વાંચવુ જ પડે અવધ ટાઇમ્સે પોતાની મકમતા જાળવી છે મકકમતાથી લોકોના પ્રશ્નોને વાચા આપવામાં અવધ ટાઇમ્સ હંમેશા અગ્રેસર રહયું છે. આપણને અવધ ટાઇમ્સ અમરેલીનું લાગે પણ અમરેલી જ નહી સમગ્ર ગુજરાતમાં અવધ ટાઇમ્સ જાય છે.

કારણ કે સવારે જાગો ત્યારે ગાંધીનગર મારા બંગલે અવધ આવી ગયું હોય છે. રાજયમાં લોકોના હદયમાં અવધ ટાઇમ્સે જે રીતે સ્થાન મેળવ્યું છે તે હજુ વધુ મેળવે તેવી નાગનાથ દાદાના ચરણોમાં પ્રાર્થના કરુ છે તેમ જણાવી શ્રી કૌશિક વેકરિયાએ અવધ ટાઇમ્સના સ્થાપક તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણને શુભકામના પાઠવી હતી.

શ્વેત ક્રાંતિથી નિત્ય હજારો પરિવારોના ઘરમાં ચુલા પ્રગટાવનાર

## શ્રી ભરતભાઈ ચૌહાણે સંઘર્ષ કરી અવધ ટાઈમ્સની પ્રગતિ સાધી છે : શ્રી ભરતભાઇ બસિયા

અમરડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ જણાવેલ કે, હું ન્યુઝીલેન્ડ અને અમેરીકા ગયો હતો ત્યાના લોકો પણ નિયમીત અવધ નેટમાં જોવે છે અવધ હવે અમરેલી કે ગુજરાત પુરતુ નહી પણ આખી દુનિયામાં પહોંચે છે આ પત્રકારત્વની શરૂઆત માટે તેમણે જુની પેઢીના પત્રકાર અને અવધ ટાઇમ્સ પરિવારના મોભી સ્વ. દેવરાજભાઈ ચૌહાણને યાદ કર્યા હતા તેમણે જણાવેલ કે, અમારે ઉઠતાવેત અવધ ટાઈમ્સ મોબાઈલમાં વાંચવા મળે છે.વિશ્વના દેશના લોકો નેટના માધ્યમથી અવધ ટાઈમ્સ મોબાઈલમાં વાંચે છે.દેવરાજબાપાએ અખબારક્ષેત્રે જે કામગીરી કરેલ તેમાં ભરતભાઈ ચૌહાણે પ્રગતિ કરી છે અને ત્રણ પેઢીના પારિવારીક સબંધોથી સૌને ઉજાગર કર્યા હતા.તથા ભોળાનાથના પરમ ઉપાસક એવા શ્રીમતી હિનાબહેન ભરતભાઈ ચૌહાણને વંદન કર્યા હતા.

અવધ ટાઈમ્સે હંમેશા રચનાત્મક રીતે સારી પ્રવૃતિને બીરદાવી પ્રોત્સાહન આપ્યું છે કયારેય કોઇને ખોટી રીતે હેરાન કરવાની ખંડનાત્મક પ્રવૃતિ કરી છે તેમને હું બીરદાવું છું તેમ અંતમાં શ્રી સાવલીયાએ જણાવેલ.

અમરેલીની આવતીકાલ એવા પ્રદેશ યુવા ભાજપના અગ્રણી અને અમરેલી જિલ્લા સંઘના ચેરમેન શ્રી મનિષ સંઘાણીએ જણાવેલ કે અત્યાર સુધીમાં હું વીસેક દેશ ફર્યો છુ અને જયાં જયાં ગયો છુ ત્યા ત્યા મે જોયું છે કે, આપણા અમરેલી જિલ્લાના દરેક વતનીઓ કાયમી ઇન્ટરનેટ ઉપર અવધ ટાઇમ્સ નિહાળે છે અને તે આ હમણાથી જોતા થયા તેમ નથી પણ ૨૦૦૪ની આસપાસ જયારે હું વડોદરા ભણતો ત્યારે ઇન્ટરનેટની શરૂઆત હતી મારી સાથે ૭૦ અમરેલીના છોકરાઓ ભણતા હતા અહી કંઇક મારુ છપાય એટલે દેશ વિદેશથી મારી ઉપર ફોન આવતો કે તારા ન્યુઝ છપાયા છે. તે સંસ્મરણો યાદ કરી અવધ ટાઇમ્સને શુભકામના પાઠવી હતી.

પાટીદાર અગ્રણી અને અમરેલીના જાણીતા ઉદ્યોગપતિ તથા પુર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને અમરેલીના ઇસ્ટ દેવ ભગવાન શ્રી નાગનાથ દાદાના પરમ ઉપાસક એવા શ્રી ડી.કે. રૈયાણીએ જણાવ્યું હતું કે અવધ તો અવધ જ છે તે વાતમાં હું સુર પુરાવું છું.મારે તો સ્વ. દેવરાજબાપા સાથે સંબંધ હતો તેમ જણાવી શ્રી ભરતભાઇ ચૌહાણના અવધ ટાઇમ્સ માટેના સંઘર્ષ અને મહેનતને તથા તેમની નિષ્ઠાને યાદ કરી સૌના જુના જમાનાના સંસ્મરણો પણ નિખાલસતાથી યાદ કર્યા હતા. અને જણાવેલ કે, આજે પણ ભરતભાઈ સાથેનો એ જુનો સંબંધ અકબંધ છે. આજે પણ ચા પહેલા સવારે સૌથી પહેલું મારે અવધ જ જોઇએ છે.અને અવધ ટાઇમ્સ હજુ પણ ઉતરો ઉતર પ્રગતિ કરે તેવી શુભકામના પાઠવી હતી.

નિવૃત સહાયક માહિતિ નિયામક શ્રી ભરતભાઈ બસીયાએ જણાવ્યું હતું કે અમરેલી જીલ્લાને કેન્દ્રમાં રાખી ન્યુઝ પેપર ચલાવવું અઘરું હોય છે. જિલ્લા કક્ષાનું અખબારને લોકપ્રિય બનાવવું શકય નથી હોતુ પણ મને એ વાતનો આનંદ છે કે મારી માન્યતા ખોટી પડી છે શ્રી ભરતભાઈ ચૌહાણે સંઘર્ષ કરી અવધ ટાઇમ્સની પ્રગતિ સાધી છે. અમરેલી જિલ્લા ભાજપના યુવા પ્રમુખ શ્રી રાજેશ કાબરીયાએ પણ અમરેલી જિલ્લાના નંબર વન દૈનિક અવધ ટાઈમ્સને તેમના રચનાત્મક અભિગમ બદલ અને લોકબશ્નો ઉજાગર કરવા બદલ બિરદાવી શુભકામના પાઠવી હતી.

આ સમારોહમાં અવધ ટાઇમ્સ પરિવારના સર્વ શ્રી સાવરકુંડલાના સૌરભભાઈ દોશી, સાવરકુંડલા વિરાગભાઈ દોશી, રાજુલાના કનુભાઈ વરૂ શ્રી જયદેવ વરૂ,બગસરાના રૂપેશભાઈ રૂપારેલીયા, નિલેષભાઈ તન્ના, સમીરભાઈ વિરાણી, ધારીના ઉદયભાઈ ચોલેરા, બાબરાના દિપકભાઈ કનૈયા, દિપકભાઈ સેદાણી, અમરેલીના શ્રી પીંકલ ઉભડા,લીલીયાના મહેશભાઈ દવે, કુંકાવાવના કિર્તીભાઈ જોષી, વડીયાના ભીખુભાઈ વોરા, દામનગરના વિનુભાઈ જયપાલ, લાઠીના વિશાલભાઈ ડોડીયા, જુનાગઢના એજન્ટ-પત્રકાર હિતેષભાઈ પારેખ, વેરાવળના સંજયભાઈ રાઠોડ,જુનાગઢના હાર્દિકભાઈ યાદવ, ટીંબીના હિંમતભાઈ મહેતા, તોરીના વિનુભાઈ કોટડીયા, વિજપડી સંજયભાઈ વાઘેલા,વિજપડીના સમીરભાઈ ખોખર, રાણપરના નરેશભાઈ દેસાણી,પ્રતાપપરાના નટુભાઈ મેઘનાથી, ફતેપુરના સતિષભાઈ રાઠોડ, ડાભાળીના રણજીતભાઈ વાળા, કરિયાણાના ધીરૂભાઈ જાદવ, કેરિયાનાગસના ભરતભાઈ હરખાણી, સલડીના બકુલભાઈ દવે, ચાંદગઢના ગીરીશભાઈ ઠાકર, પાંચતલાવડાના

## જીલ્લાનાં નંબર વન અખબાર અવધ ટાઇમ્સને શુભેચ્છા : જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રાજેશ કાબરીયા

વિક્રમભાઈ ખુમાણ, ટીંબી રમેશભાઈ બાંભણીયા, અકાળાના રાજુભાઈ વ્યાસ, ગોઢાવદરના ભરતભાઈ વિંઝુડા, હડાળાના અશોકભાઈ પરમાર, દલખાણીયાના યોગેશભાઈ સોલંકી, બાબાપુરના હસુભાઈ રાવલ, રાજુલાના આકાશભાઈ ભટ્ટ, રાજુલાના રમેશભાઈ ગઢીયા, ચાંવડના કેતનભાઈ જોષી, રાજુલાના બાલાભાઈ ભટ્ટ, રાજુલાના વસંતબાપુ,મોટા આંકડીયાના મનોજભાઈ ત્રિવેદી, વરૂડીના ઉષ્માનભાઈ સયૈદ, કુંભારીયાના પંકજભાઈ ગૌસ્વામી સહિતના અમરેલીના વિતરક ભાઈઓ ઉપસ્થિત રહયા હતા સમારોહના પ્રારંભે જાણીતા શાસ્ત્રી શ્રી શરદભાઈ દવે દ્વારા પરંપરાગત રીતે ગણેશસ્તવન રજુ કરાયું હતું.અવધ ટાઇમ્સના આ સમારોહમાં અમરેલી જિલ્લા ઉપરાંત ગીર સોમનાથ, જુનાગઢ સહિતના ગામોમાંથી પધારેલા અવધ ટાઇમ્સના એજન્ટો પત્રકારોએ વિવિધ સુચનો કર્યા હતા અને વર્તમાન સમયમાં પણ ઇલેકટ્રો મીડીયા અને સોશ્યલ મીડીયા વચ્ચે પણ સૌથી સારી રીતે ટકી રહેલા અખબારો વિશે ચર્ચા કરાઇ હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોમીલ ચૌહાણે કર્યુ હતું.

**પત્રકારત્વને વધુ સતેજ બનાવવા તંત્રી શ્રી ભરતભાઇ ચૌહાણ દ્વારા કરાયેલી જાહેરાત**

# અવધ ટાઇમ્સ દ્વારા પત્રકારો અને વિતરકને ચાર એવોર્ડ એનાયત કરશે

### પોતાના વિસ્તારની સમસ્યાને સારી રીતે ઉજાગર કરનાર, પોઝીટીવ ન્યુઝ, કરંટ ક્રાઇમ ન્યુઝ અને વિતરકો માટે બેસ્ટ સેલરનો એવોર્ડ અપાશે

અમરેલી, (ફીલ્ડ રિર્પોટર)

સૌરાષ્ટ્રના પત્રકારત્વને વધુ સતેજ બનાવવા અવધ ટાઇમ્સના તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ દ્વારા આ વખતે અવધ ટાઇમ્સ પત્રકારો અને વિતરકને ચાર એવોર્ડ એનાયત કરશે તેવી જાહેરાત કરાઇ હતી.અવધ ટાઇમ્સનું સરકયુલેશન વધારનાર એજન્ટભાઇને બેસ્ટ સેલર એવોર્ડ અપાશે તથા પત્રકારત્વ માટે ત્રણ એવોર્ડ જાહેર કર્યા છે જેમા પોતાના વિસ્તારની સમસ્યાને સારી રીતે ઉજાગર કરનારને નેગેટીવ બાબતો ઉજાગર કરવા બદલ તથા બીજો એવોર્ડ પોઝીટીવ ન્યુઝ મોકલનારને અને ત્રીજો કરંટ ટોપીકમાં ક્રાઇમ ન્યુઝ સૌથી ઝડપી અને સચોટ મોકલનારને એવોર્ડ અપાશે તેવી જાહેરાત કરી હતી.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૯-૦૩-૨૦૨૪ મંગળવાર

# ગુજરાતની ઘટનાઓમાં હિન્દુત્વના નામે જે બબાલ થઈ એથી તો રાજ્યમાં બકરું કાઢતાં ઊંટિયું પેસી જશે

ગુજરાતમાં છેલ્લાં બે દિવસમાં બનેલી બે ઘટના ચર્ચામાં છે. પહેલી ઘટના અંકલેશ્વરમાં બની કે જ્યાં અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારની લાયન્સ સ્કૂલમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં મુસ્લિમ વિદ્યાર્થિનીઓના હિજાબ કઢાવવામાં આવ્યા. તેના કારણે વિવાદ થઈ ગયો ને છેવટે જિલ્લા શિક્ષણાધિકારીએ સમજદારી બતાવીને શાળાના બોર્ડ પરીક્ષા નિરીક્ષકને પરીક્ષા કામગીરીમાંથી હટાવી દઈને વિરોધને શાંત પાડવો પડ્યો.

બીજી ઘટના અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં બની કે જ્યાં પોતાની રૂમમાં નમાઝ પઢી રહેલા મુસ્લિમ વિદ્યાર્થીઓ સામે કેટલાક વિદ્યાર્થીઓએ વાંધો ઉઠાવ્યો તેમાં મારામારી થઈ ગઈ. આ મારામારીના પગલે વિદ્યાર્થીઓએ કર્યા હશે તેથી જયશ્રી રામના નારા સાથે કેસરી ખેસ પહેરીને આવેલા ટોળાએ યુનિવર્સિટી હોસ્ટેલ સંકુલમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો અને વિદેશી મુસ્લિમ વિદ્યાર્થીઓ સાથે મારામારી કરીને તેમને ફટકારતાં હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા.

આ ટોળાના હુમલામાં ચાર મુસ્લિમ વિદ્યાર્થી ઘાયલ થયાનું કહેવાય છે. ટોળાએ વિદ્યાર્થીઓ પર પથ્થરમારો કરી હોસ્ટેલમાં પણ કરી અને વાહનોને પણ નિશાન બનાવ્યાં. સીસીટીવી ફૂટેજ ફરતા થયા છે તેમાં તોફાનીઓ લાકડી-દંડા વડે તોડફોડ કરતા દેખાય જ છે.

ગુજરાત યુનિવર્સિટીની ઘટનાથી પોલીસ દોડતી થઈ ગઈ. અમદાવાદના પોલીસ કમિશ્નર સહિતના ઉચ્ચ અધિકારીઓએ હોસ્ટેલ દોડી આવવું પડ્યું. રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓની બેઠક બોલાવીને પણ દોષિત લોકો છે તેમની સામે કડક કાર્યવાહી કરવાના આદેશ આપવા પડ્યા. હર્ષ સંઘવીએ અમદાવાદ પોલીસ કમિશ્નર પાસે આ ઘટના અંગે રિપોર્ટ મંગાવ્યો છે. યુનિવર્સિટી હોસ્ટેલમાં પોલીસ ખડકી દેવામાં આવી છે કે જેથી ફરીથી બબાલ ના થાય.

અંકલેશ્વર અને અમદાવાદ બંને ઘટનામાં વહીવટી તંત્ર અને સરકારે કોઈ પણ પ્રકારના કે ભેદભાવ વિના કામ કર્યુ છે તેનો ઈન્કાર ના થઈ શકે. બંને ઘટનામાં તરત જ એક્શન લેવાયાં અને કોઈને છાવરવાનો પ્રયાસ નથી કરાયો તેથી ભાજપ સરકારની પ્રશંસા કરવી પડે.

અંકલેશ્વરની ઘટનામાં ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ ની ગણિત વિષયની પરીક્ષામાં હિજાબ કઢાવાતાં વાલીઓએ ઉગ્ર વિરોધ નેંધાવ્યો પછી એક વાલીએ જિલ્લા વિભાગમાં ફરિયાદ નોંધાવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) સ્વાતિ રાઉલજીએ તાત્કાલિક પગલાં ભરીને બોર્ડના પરીક્ષા નિરીક્ષકને પરીક્ષા કામગીરીમાંથી હટાવી દીધા. જિલ્લા શિક્ષણાધિકારીએ સીસીટીવી ફૂટેજ તપાસ્યા તેમાં બે સુપરવાઈઝર અને એક સહાયક ક્લાસમાં જઈ હિજાબ એકઠા કરતા દેખાય છે.

આ ફૂટેજના ડીઈઓએ આધારે તાત્કાલિક પગલાં તો લીધાં જ પણ બીજી કોઈ આવી ઘટના ના બને એ માટે ડીઈઓ સ્વાતિ રાઉલજીએ સ્પષ્ટતા પણ કરી છે. શિક્ષણ બોર્ડની માર્ગદર્શિકામાં બોર્ડની પરીક્ષામાં બેસતી વખતે કોઈપણ પ્રકારના પોશાક પર પ્રતિબંધનો ઉલ્લેખ નથી. વિદ્યાર્થીઓ મરજી આવે એ પોશાક પહેરી શકે છે. એકવાર ઓળખની ખરાઈ થઈ ગયા પછી વિદ્યાર્થીઓને પસંદગીના કપડાં પહેરીને પરીક્ષા આપવાની છૂટ છે ફરિયાદની નોંધ લઈને તપાસનો આદેશ આપ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીની ઘટનામાં પણ યુનિવર્સિટી હોસ્ટેલના કર્મચારીઓ અને તંત્ર વિદેશી વિદ્યાર્થીઓની સલામતીમાં નિષ્ફળ નિવડ્યું છે અને હોસ્ટેલના રેકટરે પણ પોતાની ફરજ બજાવવામાં લાપરવાહી બતાવી છે. બાકી ઘટના બન્યા પછી સરકાર તરત એક્શનમાં આવી અને લઈ શકાય એ પગલાં લીધાં છે. આપણે ત્યાં પણ ઘટના માટે સરકાર કે તંત્ર પર દોષારોપણ કરવાની ફેશન છે પણ આ ઘટનામાં બંનેનો વાંક નથી પણ આ બંને ઘટના ગંભીર છે. આ બંને ઘટના ગુજરાતમાં કટ્ટરવાદી માનસિકતા પાંગરી રહી હોવાનો પુરાવો છે અને આ માનસિકતા વકરીને ગુજરાતમાં અશાંતિ ઊભી કરી નાખે એ પહેલાં તેને ડામી દેવી જરૂરી આ બંને ઘટનામાં જે લોકો દોષિત છે તેમણે સરકારી નિયમો અને કાયદાની ઐસીતૈસી કરીને પોતાની હલકી માનસિકતા બતાવી છે. આ હલકી માનસિકતાને જરાય ના પોષી શકાય તેથી બંને ઘટનામાં સરકાર આકરાં પગલાં ભરે એ જરૂરી છે.

હિંદુત્વના નામે ગુંડાગીરી કે કોઈને પરેશાન કરવાની માનસિકતા જરાય ચલાવી ના લેવાય. અંકલેશ્વરની બોર્ડ પરીક્ષા સુપરવાઈઝરે હિઝાબ કઢાવવાની સૂચના આપી હતી. આ સૂચના બોર્ડના નિયમ પ્રમાણે નહોતી તેની સ્પષ્ટતા ડીઈઓએ પોતે જ કરી છે પછી શાના માટે હિઝાબ કઢાવાયા? શાળા સંચાલકનું કહેવું છે કે, બોર્ડની પરીક્ષામાં ૮૦ ટકા ચહેરો સીસીટીવીમાં દેખાવો જોઈએ એવો આદેશ છે. પરીક્ષામાં કોઈ વિદ્યાર્થી ચોરી કરતું હોય તેનો ચહેરો દેખાય અને ઓળખ થાય એ માટે આ નિયમ બનાવાયો છે. ડીઈઓએ આવો કોઈ નિયમ હોવાનું કહ્યું નથી પણ માનો કે નિયમ હોય તો પણ હિઝાબ પહેરો તેમાં એંસી ટકાથી વધારે ચહેરો દેખાતો જ હોય છે તો પછી હિજાબ પહેરવામાં વાંધો શું? સુપરવાઈઝરે પોતાની માનસિકતાના આધારે ફતવો પાડીને વિદ્યાર્થિનીઓને ખોટી રીતે હેરાન કરી નાખી.

ગુજરાત યુનિવર્સિટીની ઘટનામાં તો રીતસર ઉશ્કેરણી કરીને મુસ્લિમ વિદ્યાર્થીઓને નિશાન બનાવાયા છે. પોલીસે આપેલી માહિતી પ્રમાણે, ઉઝબેકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, અફઘાનિસ્તાન અને શ્રીલંકાના મુસ્લિમ વિદ્યાર્થીઓ છત પર નમાઝ અદા કરી રહ્યા હતા ત્યારે અન્ય વિદ્યાર્થીઓએ આ મસ્જિદ નથી તેથી અહીં નમાજ ના પઢો કહીને તેનો વિરોધ કરતાં ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાત વધી જતાં વિદ્યાર્થીઓ મારામારી પર ઊતરી આવ્યાં અને બહારથી વિદ્યાર્થીઓને બોલાવાયા ૪ વિદેશી વિદ્યાર્થીઓ ઘવાયા છે.

હિંદુવાદીઓનું કહેવું છે કે, ગણેશ સ્થાપન કરાય છે ત્યાં મુસ્લિમો નમાઝ પઢતા હતા તેથી બબાલ થઈ પણ પોલીસે આ વાતને સમર્થન નથી આપ્યું. પોલીસ પોતે છત પર નમાઝ પઢતા હતા એવું કહ્યું છે. હવે વિદ્યાર્થીઓ છત પર જઈને નમાઝ પડે તેમાં ખોટું શું છે ? દેશનું બંધારણ દરેક વ્યક્તિને એ છૂટ આપે જ છે. જે લોકો વિરોધ કરવા નીકળ્યા એ બધા દેશના બંધારણથી પણ ઉપર છે ? ને મોટો મુદ્દો તો બહારથી ટોળું ગુંડાગીરી કરે તેનો છે. ધર્મના નામે આવી ગુંડાગીરી કઈ રીતે ચલાવાય ?દીકરીઓના હિઝાબ કઢાવવા કે પોતાની રૂમમાં નમાઝ પઢનારાંને ફટકારવા એ હિંદુત્વ નથી. ના તો ભાજપ આ પ્રકારના હિંદુત્વને પોષે છે કે ના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જેવાં હિંદુવાદી સંગઠનો આ પ્રકારના હિંદુત્વની તરફેણ કરે છે. બહુમતી હિંદુઓ પોતે આ બકવાસને માન્ય નથી રાખતા. કર્ણાટકમાં હિઝાબ વિવાદને ચગાવાયો છતાં ભાજપ જીત્યો નહીં કેમ કે બહુમતી હિંદુઓને આ પ્રકારની હલકી માનસિકતામાં રસ જ નથી.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૧૯.૩.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ ફાગણ સુદ દશમ, પુનર્વસુ નક્ષત્ર, શોભન યોગ, તૈતિલ કરણ આજે બપોરે ૧.૩૮ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) ત્યારબાદ કર્ક (ડ,હ) રહેશે.

### શનિ મંગળ યુતિ અકસ્માતોની શૃંખલા સર્જી રહી છે

અગાઉ અત્રે લખ્યા મુજબ ભારતીય નેવીએ અરબી સમુદ્રમાં મધદરિયે એન્ટી પાઈરસી અભિયાન અંતર્ગત અપહૃત જહાજને ચાંચિયાઓની ચુંગાલમાં થી છોડાવ્યું છે વળી ૧૨ માર્ચ થી અત્રે લખ્યા મુજબ ઘટનાક્રમ તેજ બન્યો છે અને વિવિધ એજન્સીઓ સક્રિય બની છે તો રાજનીતિમાં પણ ઘણા ઉલટફેર ચાલુ થઈ ગયા છે વળી શનિ મંગળ યુતિ શરુ થઈ ગઈ છે જે અકસ્માતોની શૃંખલા સર્જી રહી છે ખાસ કરી ને વાહનના કાચ ચકનાચૂર થઈ વેરાઈ રહ્યા છે જે શનિ મંગળ શુક્ર યુતિ અને મીનમાં સૂર્ય,બુધ રાહુ યુતિ દર્શાવી રહ્યા છે પાસે પાસેની બે રાશિમાં ત્રણ ત્રણ ગ્રહોની યુતિ બની રહી છે જે અકસ્માતથી સાવધાની રાખવા જણાવી



રહ્યા છે બીજી તરફ શનિનો ઉદય રાજનીતિમાં નવી સક્રિયતા દર્શાવી રહ્યા છે અને રાજા સૂર્ય વિવિધ આવક પર નજર રાખી રહ્યા છે!! તો મીનમાં રાહુ મહારાજ સમુદ્રની ઘટનાઓમાં તેજી લાવી ડ્રગ્સ થી લઈ ચાંચિયાગીરી અને તેની વિરુદ્ધના ઓપરેશન દર્શાવે છે સાથે સાથે આગામી દિવસોમાં સમુદ્રમાં યુદ્ધ કવાયત અને વધુ યુદ્ધ જહાજોની તૈનાતી દર્શાવે છે કેમ કે રાજા સૂર્ય પણ સમુદ્ર પર નજર રાખી રહ્યા છે અને આ સમયમાં ગ્રહોની વિશેષ ભાત વચ્ચે ૨૫ માર્ચના છાયા ચંદ્ર ગ્રહણ આવી રહ્યું છે જે દેખાવાનું નથી તેથી પાળવાનું નથી પરંતુ વ્યાપક રીતે વિશ્વમાં તેની અસર અવશ્ય જોવા મળશે અને વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીનું પ્રભુત્વ વધતું જોવા મળશે.

મેષ (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.
વૃષભ (બ,વ,ઉ) : નવા કાર્યમાં આગળ વધી શકો , સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારી માં કાળજી રાખવી પડે , આર્થિક બાબતોમાં મધ્યમ રહે,અન્ય બાબતો માં સારું રહે.
કર્ક (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
સિંહ (મ,ટ) : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે,સાંજ ખુશનુમા વીતે.
કન્યા (પ ,ઠ ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.
તુલા (ર,ત) અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો , શુભ દિન.
વૃશ્ચિક (ન ,ય) : ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય.
ધન (ધ,ભ,ફ,ઢ ): દિવસ દરમિયાન દોડધામ રહે , સાંજ પછી નસીબ સાથ આપતું જણાય,અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.
મકર (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે,મનની વાત વ્યક્ત કરી શકો.
કુંભ (ગ ,સ,શ) :હિત શત્રુઓ થી સાવધ રહેવું,વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.
મીન (દ,ચ,ઝ,થ): પ્રણય માર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

## જિલ્લામાં વધતા જતા કમોતના બનાવો

# ચલાલા, મોટા કણકોટ અને થોરખાણમાં ચારના મોત

### ચલાલામાં પરિણીતાનું એસીડ પી જતાં, મોટા કણકોટમાં હલર મશિનમાં આવી જતાં પરિણીતાનું અને થોરખાણમાં વિજ શોકથી પતિ-પત્નીના મોત

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં દિન પ્રતિદિન કમોતના બનાવો વધી રહ્યા છે. ત્યારે ચલાલામાં પરિણીતાનું એસીડ પી જતાં, લીલીયાના મોટા કણકોટમાં હલર મશિનમાં આવી જતાં પરિણીતાનું અને બાબરાના થોરખાણમાં વિજ શોક લાગવાથી પતિ- પત્નીના મોત નિપજયાં હતાં.

ચલાલામાં રહેતી રેખાબેન ભરતભાઈ સાપરીયાને પતિએ ફોન ઓછો જોવાનું અને જમાવાનું ટાઈમ સર બનાવવા તથા ઘરમાં ધ્યાન આપવાનું કહેતા પતિ પત્ની વચ્ચે ઝઘડો થતાં પોતાને લાગી આવતા એસીડ પી જતાં પ્રથમ અમરેલી રાજકોટ અને અમદાવાદ દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજયાનું પતિ ભરતભાઈ જીકુભાઈ સાપરીયાએ ચલાલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં લીલીયા તાબાના મોટા કણકોટ ગામે મુળ એમપીના હાલ મોટા કણકોટ જીતુભાઈ કાકડીયાની વાડીમાં હલર મશિનમાં ઘર સાફ કરવાની મજુરી કામ કરતા શકિતબેન લલીતભાઈ વસનીયાના પહેલ કપડા હલર મશિનમાં આવી જતાં પડી જતાં ફસાઈ જતા ગળાના ભાગે તેમજ શરીરે નાની મોટી ઈજાઓ થતાં રાજકોટ સિવીલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજયાનું પતિ લલીતભાઈ વસનીયાએ લીલીયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે ત્રીજા બનાવમાં બાબરા તાલુકાના થોરખાણ ગામે વનરાજભાઈ ઉર્ફે હકુભાઈ બચુભાઈ ચારોલીયા ઉ.વ.૪૦ અને તેના પત્નિ રેખાબેન વનરાજભાઈ ઉર્ફે હકુભાઈ ચારોલીયા ઉ.વ.૩૯ છેલ્લા બે ત્રણ વર્ષથી ગામમાં ભાગવી રાખેલ વાડીમાં ખેત મજુરી કરતા હતાં. હાલ મકાઈનો પાક વાવેલ હોય જંગલી ભુંડ તથા રોઝડાના ત્રાસના કારણે વાડીમાં ઈલેકટ્રીક શોક મુકેલ હોય જે વિજ શોક લાગવાથી પતિ પત્નીનું મૃત્યું નિપજયાનું રમેશભાઈ બચુભાઈ ચારોલીયાએ બાબરા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## અગાઉના ઝઘડાનું મનદુઃખ રાખી

# સાવરકુંડલામાં પ્રૌઢ વેપારીના બાઇક સાથે ફોરવ્હીલ ભટકાવી ધમકી આપી

### ત્રણ શખ્સોએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

સાવરકુંડલામાં જલારામ મંદિર પાસે રહેતા વેપારી પિયુષકુમાર ભીખુભાઈ માધવાણી ઉ.વ.૪૨ને મયુર આલકુભાઈ ખુમાણ સાથે અગાઉ ઝઘડો થયેલ જેનું મનદુઃખ રાખી ત્રણ શખ્સોએ પિયુષભાઈ મોટરસાયકલ લઈને ઘરે જતાં હોય તે દરમિયાન પુર ઝડપે ફોરવ્હીલ ચલાવી બાઈક સાથે ભટકાવી રોડ ઉપર પછાડી પાઈપ વડે મારમારી ધમકી આપ્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## વાહન ચેકિંગ દરમિયાન ઇંગ્લીશ દારૂ પણ ઝડપી લીધો

# અમરેલી જિલ્લામાં બે સ્થળોએ ઇંગ્લીશ દારૂના દરોડા

### ૩૮ બોટલ અને બે વાહન મળી રૂા.૫,૬૦,૮૫૦ના મુદામાલ સાથે ત્રણ શખ્સો ઝડપાયા

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા બે સ્થળોએ ઈંગ્લીશ દારૂના દરોડાઓ પાડી કુલ ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ મળી કુલ રૂા.૫,૬૦,૮૫૦ અને વાહનો સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડયા હતાં. રાજુલાના તાલુકાના હિંડોરણા ચોકડી પાસે ઈસુબ દાઉદભાઈ મેતર, ઈમરાન યુનુસભાઈ જોખીયાને ટિયાગો રિક્ષા જી જે ૦૯ ઝેડ ૮૯૪૯માં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરતા જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૩૧ બોટલ રૂા.૯૩૦૦ તથા રિક્ષા મળી કુલ ૫૯.૩૦૦ના મુદામાલ સાથે પો.કોન્સ હરેશભાઈ વાળાએ ઝડપી પાડયા હતાં. જાફરાબાદના હેમાળથી છેલણા જવાના રસ્તે હાઈવે રસ્તા વચ્ચે આવેલ ડાયર્વઝન પાસે મુળ જુના સાવર હાલ સુરત રહેતા મહેશકુમાર બાબુભાઈ કાનાણીને પોતાની ફોરવ્હીલ જી જે ૦૬ એચએસ ૨૬૮૫માં જુદી જુદી બ્રાન્ડ ૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ફોરવ્હીલ મળી કુલ રૂા.૫,૦૧,૫૫૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

# પ્લોટનું વેચાણ કર્યુ પણ પૈસા નહીં આપતા અમરેલીના બિલ્ડરે ઝેરી ટીકડા પી લીધા

### આર્થિક ભીસના કારણે કંટાળી સુસાઇડ નોટ લખી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલીના લાઠી રોડ સહજસિટી બ્લોક નં.૯૬માં રહેતા પ્રતાપભાઈ કરશનભાઈ નસીત ઉ.વ.૪૩ તેમના પિતા કરશનભાઈ ખીમાભાઈ નસીતના નામે સામાવાળા એક થી ત્રણ પાસેથી ધારી તાલુકાના વાઘવડી ગામે જુદા જુદા સર્વે નં.કુલ ૧૦૫ વિઘા જમીન ખરીદ કરેલ હતી. જેનો કબ્જા સહિત વેચાણ કરાર કરેલ હતાં. આ જમીન ખરીદ કર્યાનું તમામ રકમ પ્રતાપભાઈએ ચુકવી આપેલ હતી અને તેના નામે દસ્તાવેજ કરવાનું કહે તેના નામે દસ્તાવેજો કરી આપવાના હતાં. પ્રતાપભાઈએ પોતાની સહજસિટી લાઠી રોડ અમરેલીમાં આવેલ કુલ ૭ પ્લોટનું વેચાણ સામાવાળા એકને કરેલ હતું. જેના ડેવલોપિંગ ચાર્જના રૂા.૫૩,૧૨,૦૦૦ પ્રતાપભાઈને સામાવાળા પાસેથી લેવા હોય જે રકમ તથા સામાવાળા પાસે ખરીદ કરેલ જમીનના દસ્તાવેજ કે વેચાણ રકમ ચુકવતા ન હોય અને પોતે આર્થિક ભીસમાં આવી જતાં જે લોકોને રૂપિયા આપવાના હતાં તે સમયસર આપી શકતા ન હોવાથી કંટાળી જઈ સુસાઈડ નોટ લખી ઘંઉમાં નાખવાના ઝેરી ટિકડા પી આત્મહત્યાનો પ્રયાસ કરેલ.

# અમરેલી ઠેબી ડેમ નજીક ખોડીયાર મંદિર આગળ બાઇક સાથે ફોરવ્હીલ અથડાઇ

### ફોરવ્હીલ અથડાવી જમણા પગમાં ફેકચર કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી તાલુકાના ઠેબી ડેમ જવાના રસ્તે આવેલ ખોડીયાર માતાજીના મંદિર આગળ શકિતમીલ નજીક રોડ ઉપર મનસુખભાઈ હનુભાઈ જાદવ રહે. ભુતિયાવાળા બાઈક લઈને નિરણ લેવા અમરેલી આવતા હતાં ત્યારે પાછળથી ફોરવ્હીલ જી જે ૦૧ એસી ૩૮૯૭ના ચાલકે પુર ઝડપે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે ભટકાવી જીણાભાઈ અમરાભાઈને જમણા પગના નળામાં ફેકચર કરી ગંભીર ઈજા કરી મનસુખભાઈને ખંભાના ભાગે છોલાણ કરી નાસી ગયાની જીણાભાઈ અમરાભાઈ ઘોડાસરાએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ચલાલામાં પ્રૌઢ ઉપર હુમલો

### માણાવાવના શખ્સે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

ચલાલામાં રહેતા ધીરૂભાઈ દાનાભાઈ વાળા ઉ.વ.૪૫ તથા માણાવાવના નજુ ભનુભાઈ ગીડા કપાસ તથા પાકની ખરીદીની દલાલી કરતા હોય ધીરૂભાઈ નજુના ગામ માણાવાવ કપાસની દલાલી માટે ગયેલ હોય. જેથી સારૂ નહીં લાગતા મનદુઃખ રાખી લોખંડના પાઈપ વડે મારમારી ગાલ ઉપર ચાર પાંચ લાફા મારી ધમકી આપ્યાની ચલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીના માચીયાળા અને રાજુલાના બર્બટાણા ગામમાં વાલીપણામાંથી સગીરાના અપહરણ કરાયા

### અમરેલી તાલુકા અને રાજુલા પોલીસ મથકોમાં ફરિયાદો દાખલ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી તાલુકાના માચીયાળા ગામે રહેતી સગીરાનું ધોરાજી રહેતા રાહુલ દેવીપુજક નામનો શખ્સ લલચાવી ફોસલાવી લગ્નની લાલચ આપી વાલીપણામાંથી અપહરણ કરી ગયાની સગીરાની માતાએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે બીજા બનાવમાં રાજુલાના બર્બટાણા ગામે રહેતી સગીરાને સાવરકુંડલા શિવાજી નગરમાં રહેતા અનીલ ઉકાભાઈ સગર નામનો શખ્સ લલચાવી ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરી ગયાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી બાયપાસ રોડ ઉપર બાઇક સાથે ફોરવ્હીલ અથડાતા પ્રૌઢનું સારવાર દરમિયાન મોત નિપજયું

### માથામાં ગંભીર ઇજા કરી સારવાર દરમિયાન મોત નિપજાવી નાશી ગયો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી બાયપાસ ટોપોટો શોરૂમ સામે રોકડીયાપરામાં રહેતા ઘનશ્યામભાઈ કાળુભાઈ ડાંગર બાઈક લઈ ગેરેજે જતાં હતાં ત્યારે ટોયોટો શોરૂમ પાસે પહોંચતા સામેથી આવતી ફોરવ્હીલ જીજે૦૪ઈઈ ૭૩૫૮ના ચાલકે પુરઝડપે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે ભટકાવી ઘનશ્યામભાઈને માથામાં અને પગમાં ગંભીર ઈજા કરતા પ્રથમ અમરેલી અને વધુ રાજકોટ ખાનગી દવાખાને અને ત્યારબાદ અમરેલી સિવીલ હસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજાવી નાસી ગયાની મનોજભાઈ કાળુભાઈ ડાંગરે અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અલીયાબાડાની બી. એડ. કોલેજના તાલીમાર્થીઓનું સ્નેહમિલન યોજાશે

અમરેલી,અલીયાબાડાની દરબાર ગોપાલદાસ શિક્ષણ મહાવિદ્યાલયના સને -૧૯૮૩-૮૪ માં બી.એડ. થયેલ ભુતપુર્વ તાલીમાર્થીઓનું સ્નેહમિલન તા. ૩૦ માર્ચના યોજાનાર છે. આ સ્નેહમિલન સમારોહમાં ઉપસ્થિત રહેવાની ઈચ્છા ધરાવતા મિત્રોએ વિઠલભાઈ નકુમ મો.૯૬૩૮૨૭૨૬૦૦ અને ૭૩૮૩૬૦૩૮૩૮ નો સંપર્ક સાધવા જણાવાયું છે.

# તુલસીશ્યામ રેન્જના વનપાલ ઉપર હુમલો

### એક મહિલા સહિત ચારે મારમારી ધમકી આપી



ખાંભા, (રૂચિત મહેતા)

ગીર પુર્વ વનવિભાગ ધારીના તુલસીશ્યામ રેન્જમાં ફરજ બજાવતા કોઠારીયા રાઉન્ડના વનપાલ બી.જી. સોલંકી તા. ૧૬-૩ ના કોઠારીયા સેટલમેન્ટ વિસ્તારમાં પોતાના ફેરણામાં હોય. તે દરમ્યાન માછીમારીના ગુનમાં સંડોવાયેલા વડલી ગામના રમઝાન ઝુમાભાઈ સંધિ, યાસીદ જુમાભાઈ સંધિ, જુમા સંધિ તથા તેમના પત્નિએ રાગદ્વેશ રાખી લાકડી પાઈપ અને ઢીકાપાટું વડે મારમારી ધમકી આપતા ઉના સરકારી દવાખાને સારવાર માટે દાખલ થયેલ છે. નાયબ વનસંરક્ષક રાજદીપસિંહ ઝાલા તથા મદદનીશ વનસંરક્ષક મનિષ ઓડેદરાના માર્ગદર્શન મુજબ રેન્જ ફોરેસ્ટ ઓફીસર આર.ડી. પાઠક દ્વારા કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# વિજપડીમાં મોબાઇલ ચોરાયો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

વિપજડીમાં સાવરકુંડલા રહેતા રફીકભાઈ અબુભાઈ ચૌહાણનો મહુવા રોડ ખાતે આવેલ નુરહાની હોટલના કાઉન્ટર ઉપર રાખેલ વીવો કંપનીનો સીમ સાથેનો રૂા.૧૪,૦૦૦ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૯૨ થી ૧૫૮૫ મગફળી ૧૧૨૦ થી ૧૩૪૩

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૭૯૦-૧૨૦૭
શિંગમોટી-૯૭૫-૧૩૨૫
ધાણી-૧૩૧૫-૨૭૨૦
તલસફેદ-૧૮૦૦-૨૬૫૧
તલકાશ્મીરી-૪૦૪૫-૪૧૭૦
એરંડા-૧૦૯૫-૧૧૩૬
ઘઉંટુકડા-૪૨૬-૬૫૮
ઘઉંલોકવન-૪૦૧-૫૫૩
મરચાલાંબા-૭૦૦-૬૦૫૦
ચણા-૯૩૦-૧૧૨૪
કપાસ-૧૦૫૮-૧૫૮૬
રાય-૧૦૩૦-૧૨૩૫
જીરૂ-૩૪૧૦-૫૧૦૦
ધાણા-૧૩૦૦-૧૯૮૬
સોયાબીન-૮૨૮-૮૫૩
તુવેર-૧૦૦૦-૧૯૫૫
રાયડો-૮૪૫-૮૯૯

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૬૦-૩૨૦
રીંગણા-૧૮૦-૨૬૦
ફલાવર-૨૨૦-૨૮૦
કોબીઝ-૧૬૦-૨૬૦
ટમેટાં-૨૦૦-૪૦૦
વટાણા-૯૪૦-૧૦૦૦
ગાજર-૧૮૦-૩૦૦
મુળા-૧૮૦-૨૦૦
કાકડી-૩૦૦-૪૪૦
ગુવાર-૬૦૦-૧૪૦૦
દુધી-૨૨૦-૩૨૦
તુરીયા-૭૦૦-૮૪૦
ભીંડો-૭૦૦-૮૨૦
આદુ-૨૦૫૦-૨૩૫૦
કોથમીર-૨૫૦-૩૨૦
મેથીભાજી-૩૦૦-૩૮૦
ટીંડોરા-૬૮૦-૭૮૦
લીમડોમીઠો-૧૦૦-૧૪૦
મરચાલીલા-૮૦૦-૯૧૦
લસણસુકું-૧૬૦૦-૨૧૦૦
લીંબુ-૧૮૫૦-૨૫૦૦
પાલક-૩૨૦-૪૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૫-૫૧૧
જુવાર-૪૫૧-૯૧૮
ઘઉં-૪૧૦-૫૯૧
અજમા-૨૫૦૦-૨૫૦૦
ચણા-૬૦૦-૧૧૮૧
તલસફેદ-૨૫૫૦-૨૫૫૦
મેથી-૧૩૫૦-૧૩૫૦
રાય-૮૦૦-૧૧૫૦
કપાસ-૧૦૦૦-૧૬૦૦
તુવેર-૧૭૦૦-૧૭૦૦
સોયાબીન-૮૦૦-૮૦૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૫૦-૭૦૭
ડુંગળીલાલ-૧૦૦-૩૪૨
ડુંગળીસફદે-૨૦૦-૨૭૩
તલસફેદ-૨૩૯૫-૨૪૦૧
તુવેર-૧૭૩૦-૧૮૭૫
જીરૂ-૩૧૦૦-૫૫૧૦
ચણા-૪૩૫-૧૧૦૧
નાળીયેર-૪૨૮-૧૭૭૦
મગ-૧૫૩૦-૨૦૪૭
કપાસ-૧૦૦૦-૧૫૭૨
સોયાબીન-૮૧૪-૮૫૭

**બાબરા**
કપાસ-૧૩૩૦-૧૬૩૦
ધાણા-૧૧૧૦-૧૯૯૦
ચણા-૧૦૫૯-૧૧૧૧
ઘઉં-૪૨૫-૬૧૫
મેથી-૧૦૪૦-૧૧૮૦
જીરૂ-૪૨૨૫-૫૦૫૨
મગફળી-૧૧૬૦-૧૨૦૦
તુવેર-૧૫૫૦-૧૮૩૦

**ધારી**
કપાસ-૧૨૮૦-૧૫૦૦
તુવેર-૧૮૦૧-૧૮૬૦
મેથી-૧૦૧૦-૧૨૩૦
એરંડા-૧૧૨૬-૧૧૨૬
ચણા-૯૧૫-૧૦૭૧
ઘઉં-૩૮૬-૫૭૩
અડદ-૧૦૦૦-૧૦૦૦
સોયાબીન-૮૦૬-૮૦૬
ધાણા-૧૧૧૦-૧૧૫૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૦૫-૧૨૭૫
તલસફેદ-૨૪૦૦-૨૬૦૦
જીરૂ-૩૩૦૦-૫૦૦૦
તુવેર-૧૫૦૦-૨૦૬૧
કપાસ-૧૩૫૧-૧૫૮૫
ઘઉં-૪૨૫-૫૨૮
મેથી-૮૭૫-૧૧૦૦
ધાણા-૧૩૦૦-૨૩૧૧
ચણા-૧૦૪૦-૧૧૫૫
રાયડો-૮૫૦-૮૬૬
જુવાર-૫૫૦-૯૩૬

**ખાંભા**
કપાસ-૧૩૦૦-૧૫૮૫
તુવેર-૧૭૧૦-૧૭૧૦
ચણા-૧૦૮૧-૧૧૦૦
ધાણા-૧૫૧૧-૧૬૦૦
તલસફેદ-૨૫૭૬-૨૫૭૬
ઘઉં-૪૭૫-૫૨૦
જીરૂ-૪૯૫૦-૪૯૫૦
એરંડા-

**બગસરા**
તુવેર-૧૩૦૦-૧૫૪૦

તલસફેદ-
ઘઉંલોકવન-૩૩૫-૪૭૫
ઘઉંટુકડા-૪૦૦-૪૫૭
સોયાબીન-૭૦૦-૭૯૦
ચણા-૮૮૦-૧૦૭૧
ધાણા-૯૯૦-૧૫૨૦
રાયડો-૮૬૫-૮૬૫
મકાઈ-૪૪૦-૪૪૦
મેથી-૮૬૦-૮૬૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૫૦-૬૫૦
દાડમ-૪૦૦-૧૬૦૦
મુસંબી-૫૦૦-૬૭૦
સંતરા-૫૦૦-૧૧૦૦
કીવી-૩૦૦૦-૪૫૦૦
ડ્રેગન ફ્રુટ-૨૨૦૦-૨૭૦૦
માલટા-૫૦૦-૭૦૦
ટેટી-૩૦૦-૫૫૦
કેળા-૪૫૦-૬૦૦
પોપૈયા-૩૦૦-૪૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૭૦૦-૩૧૦૦
અનાનસ-૯૦૦-૧૨૦૦

**લીલીયા**
કપાસ-૧૧૦૫-૧૫૨૦

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૩૭.૬
ન્યુનતમ તાપમાન ૧૮.૮
ભેજનું પ્રમાણ ૩૮
પવનની ગતિ સરેરાશ-.૫.૦

## અમરેલી જિલ્લા સહકારી સંઘ અને સીઆઈસીટીએબી તેમજ એનસીયુઆઈ દ્વારા

# અમરેલીમાં આંતરરાષ્ટ્રીય સહકારી તાલીમનો શુભારંભ

**શ્રીલંકા અને નેપાળ સહિતના વિવિધ દેશોના પ્રતિનિધીઓની ઉપસ્થિતિમાં તાલીમવર્ગ**

**શ્રી દિલીપભાઇ સંઘાણી, શ્રી મનીષ સંઘાણી, શ્રી અશ્વિનભાઇ સાવલીયા, શ્રી નારણભાઇ કાછડીયા, શ્રી મુકેશ સંઘાણી, શ્રી શૈલેષ સંઘાણી, શ્રી જયંતિભાઇ પાનસુરીયાની ઉપસ્થિતિ**

**તા.૧૮ થી શરૂ થયેલ તાલીમ કાર્યક્રમની આગામી તા.૨૧મીએ પુર્ણાહુતિ કરાશે**



અમરેલી,

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ અને ઈફકો ના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણી ના નેતૃત્વમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચા ના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘ ના અધ્યક્ષ શ્રી મનીષ સંઘાણી ના માર્ગદર્શન હેઠળ ને ભૂતો ને ભવિષ્ય ગુજરાત અને અમરેલી ના ઈતિહાસમાં પ્રથમ વખત ઈતિહાસ રચતા અમરેલી જિલ્લા સહકારી સંઘ જેમના ચેરમેન યુવા નેતા શ્રી મનીષ સંઘાણી બન્યા બાદ સહકારી ચળવળ અમરેલી માં વધુ વેગ મળે તેવા ઉમદા હેતુથી સતત રાત દિવસ પ્રયત્નો કરતા રહે છે.

ત્યારે ગુજરાતના અમરેલીમાં સૌ પ્રથમ વખત સી. આઈ. સી. ટી. એ. બી અને ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ ના સહયોગ થી અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ઈન્ટરનેશનલ કો-ઓપરેટીવ તાલીમ નું આયોજન તા.૧૮/૦૩/૨૦૨૪ થી તા.૨૧/૦૩/૨૦૨૪ સુધી અમરેલી ના અવધ હેરિટેજ ખાતે કરવામાં આવેલ જેમના ઈફકો અને એન. સી. યુ. આઈ ના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણી ની વિશેષ ઉપસ્થિતિ માં શુભારંભ કરવામાં આવ્યો જેમાં શ્રી લંકા, નેપાળ, જેવા દેશોમાં થીઅને ભારત ના વિવિધ રાજ્યો માંથી ૩૪ જેટલાં તાલીમાર્થીઓ ભાગ લીધો છે ત્યારે આ કાર્યક્રમ ના શુભારંભ પ્રસંગે સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા, અમર ડેરી ના અધ્યક્ષ શ્રી અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી જિલ્લા સહકારી ખરીદ - વેચાણ સંઘ ના અધ્યક્ષ શ્રી જયંતીભાઈ પાનસુરીયા, સારહી યુથ ક્લબ ઓફ અમરેલી ના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ સંઘાણી, એ. પી. એમ. સી. ના અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ સંઘાણી, અમરેલી જિલ્લા સહકારી સંઘ ના અધ્યક્ષ શ્રી મનીષ સંઘાણી, એન. સી. યુ. આઈ ના ડેપ્યુટી ચીફ એકઝિક્યુટીવ શ્રી સાવિત્રી સિંઘ, એન. સી. યુ. આઈ ના આસીસસ્ટન ડાયરેક્ટર શ્રી ઈન્દ્રપ્રીત કોરજી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ તા.૧૮/૦૩/૨૦૨૪ થી તા.૨૧/૦૩/૨૦૨૪ એમ ૪ દિવસ સુધી ચાલવાનો છે.

જે દરમિયાન તમામ તાલીમાર્થીઓને વિવિધ તજજ્ઞો દ્વારા સહકારી ગતિવિધિઓ વિષે માહિતી આપવામાં આવશે તેમજ અમરેલી ની વિવિધ સહકારી મંડળીઓની મુલાકાત કરાવવામાં આવશે અને અમરેલી જિલ્લા ની સહકારી ગતિવિધિઓ વિષે માહિતી આપવામાં આવશે. જયારે આ પુરા કાર્યક્રમ નું કોડિનેશન અમરેલી જિલ્લા સહકારી સંઘ ના એઝિક્યુટીવ શ્રી ભાર્ગવ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ હતો.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### ગાંધીનગરમાં નવનિયુક્ત જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટશ્રીઓની મિટિંગ મળી




ભુજ, ગુજરાત રાજ્યમાં ગત ૧૩/૩/૨૪ ના રોજ સ્વર્ણિમ સંકુલ ૨ ખાતે ગુજરાત રાજ્યમાં નવનિયુક્ત જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ શ્રી ઓની મીટીંગ બોલાવવામાં આવી હતી આ મિટિંગમાં ગૃહ મંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ ગુજરાત રાજ્ય હોમગાર્ડ ના વડા કમાન્ડન્ટ જનરલ શ્રી મનોજ અગ્રવાલ દ્વારા મીટીંગ ને સંબાએધન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી દ્વારા નવ નિયુક્ત જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ શ્રીઓની શુભેચ્છા મુલાકાત કાર્યક્રમ યોજ્યો હતો ઉપસ્થિત રહેલ સૌ નવનિયુક્ત જિલ્લા હોમગાર્ડસ કમાન્ડન્ટ શ્રીઓને જણાવ્યું હતું કે હોમગાર્ડ એ પોલીસ નો ભાગ છે અને પોલીસ સાથે ખભેથી ખભા મિલાવી અને જિલ્લા પોલીસ વડા ના સંકલનમાં રહી કામગીરી કરવા ભારપૂર્વક જણાવ્યું હતું તેમજ જિલ્લા કમાન્ડન્ટ શ્રી ઓને સંપૂર્ણ નિષ્ઠા પ્રમાણિકતા અને સંવેદનશીલતા થી ફરજ બજાવવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તો શરૂઆતમાં કમાન્ડન્ટ જનરલ શ્રી મનોજ અગ્રવાલ દ્વારા અનેક નવ નિયુક્ત જિલ્લા હોમગાર્ડસ કમાન્ડન્ટ શ્રી ઓને હજારો અરજી આવી હતી તેમાંથી સિલેક્ટ થયા હોવાનું જણાવી અભિનંદન પાઠવ્યા હતા ત્યારબાદ ચૂંટણી બંદોબસ્ત દરમિયાન હોમગાર્ડ સભ્યો અધિકારીઓએ શું કરવું અને શું ન કરવું તે અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અને પોતાના જિલ્લાના હોમગાર્ડ દળ ના સભ્યો વધુમાં વધુ ચૂંટણી દરમિયાન ફરજ ઉપર જોડાય અને ચૂંટણી દરમિયાન સ્થાનિક તેમજ અન્ય વિસ્તાર માં ગમે ત્યાં ફરજ બજાવવા મોકલવામાં આવશે તેવું જણાવ્યું હતું તો માનદ અધિકારીઓ દ્વારા અને હોમગાર્ડ સભ્યો ની દૈનિક ફરજો બાબતે જેતે પોલીસ સ્ટેશનમાં રૂટિન પ્રમાણે ફરજો આપવા માટે ભાર આપ્યો હતો તો છેલ્લા એક વર્ષમાં કલ્યાણ નીતિની સહાયની વિગતો એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધીમાં આપવામાં આવી હતી.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### વેરાવળ લોહાણા બોર્ડીંગમાં એસી લાઈબ્રેરીનું ઉદઘાટન કરાયું



ગીરસોમનાથ, વેરાવળ બસ સ્ટેન્ડ સામે આવેલ લોહાણા બોડીગ માં રઘુવંશી પરીવાર લોહાણા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે સૌથી અધતન એસી લાઈબરી નો પ્રારંભ થશે તેનું ભવ્ય ઉદઘાટન સમારોહ યોજાયેલ છે. વેરાવળ બસ સ્ટેન્ડ સામે આવેલી લોહાણા બોડીંગ અનેક શૈક્ષણીક પ્રવૃતીઓ કરી રહેલ છે આજના આધુનીક યુગ પ્રમાણે ટ્રસ્ટીઓ પ્રભુદાસભાઈ રૂધાણી, હર્ષાતભાઈ રૂધાણી, ગોકળદાસ કોટેચા રમેશભાઈ કોટક, સંજયભાઈ તન્ના, રમેશભાઈ ઠકરાર, અજયભાઈ રૂધાણી એ જણાવેલ હતું કે રઘુવશી પરીવાર લોહાણા જ્ઞાતિના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ જેવા કે સી.એ, એમબીએ, સીએસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, એમબીબીએસ માં જોડાયેલા હોય છે જેને અભ્યાસ માટે સંપર્ણ શાંતિ તેમજ આધુનીક વ્યવસ્થા હોવી જોઈએ આજે દરેક પરીવારો પાસે આ સગવડતા હોતી નથી તેને ધ્યાન માં લઈને ટ્રસ્ટી મંડળે ખુબજ વિશાળ હદય સાથે ૬૦ વિદ્યાર્થીઓની ક્ષમતા વાળી એસી. લાઈબ્રેરી બનાવેલ છ જેમાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓ માટે ખુબજ સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ છે વેરાવળ ભીડીયા સોમનાથ વિદ્યાર્થીઓ આખો દિવસ વાચંન કરી શકે તે માટે ખુલ્લી રાખવામાં આવશે. વિદ્યાર્થીઆના ઉજજવળ સોનેરી કારકીંદી ઘડવા માટે લોહાણા બોડીંગ હંમેશા તત્પર હોય છે બોર્ડીંગ દ્વારા દરેક વિદ્યાર્થીઓને રહેવા જમવાની નાસ્તાની વિના મુલ્યે વ્યવસ્થા તેમજ બોડીંગ રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કુલોમાં પણ ફી તેમજ પુસ્તકો આપવામાં આવે છે. લોહાણા બોર્ડીંગ સંચાલીત વાંચનાલય નો તા. ૧૭/૩/૨૦૨૪ ના રોજ સાંજે ૫.૩૦ કલાકે ઝવરોભાઈ ઠકરાર, જયકરભાઈ ચોટાઈ, નીતીશ રાડીયા (જીઅચસીએલ), વિસમય માનસેતા, જમનાદાસભાઈ તન્નાના હસ્તે કરવામાં આવેલ છે તેમજ બોડીંગ દ્વારા દીપ્તી મલ્હાર ઉનડકટ ઈન્ટીયર ડીઝાઈનર નું વિશેષ સન્માન કરવામાં આવે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જૂનાગઢ જિલ્લાના વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાની અવર જવર રહેતી હોય ત્યાં સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત

જૂનાગઢ, અમદાવાદમાં ભૂતકાળમાં બનેલ આંતકવાદી તત્વો દ્વારા અલગ અલગ જગ્યાએ શ્રેણીબંધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકતને નુકસાનીના બનાવો થયેલ છે. ગુપ્તચર સંસ્થાઓના વખતોવખતના અહેવાલો અનુસાર આવી ઘટનાઓની શક્યતાઓ ભવિષ્યમાં રહેલી છે. ઉપરાંત શહેરમાં વિભિન્ન પ્રકારના લૂંટ, ધાડ જેવા ગુનાઓ પણ બનતા હોય છે. આવા ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તેમજ તપાસકામે સી.સી.ટી.વી. કેમેરા ઉપયોગી બની શકે તેમ હોવાનું જણાવી, વિવિધ એકમો કે જ્યાં જાહેર જનતાને અવર-જવર રહે છે. તેવા સ્થળોએ જાહેર જનતાની સુરક્ષા માટે સી.સી.ટી.વી કેમેરા લગાવવા તેમજ આનુષંગિક જરૂરી પગલાં લેવા સૂચનાઓ બહાર પાડતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી અને સુરક્ષા જાળવવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જૂનાગઢ તરફથી લઈને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એન.એફ.ચૌધરીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં તમામ હોટલ, ખાણીપીણીની લોજ, ફાસ્ટની દુકાન, ધાબા, ગેસ્ટ હાઉસ, લોજિંગ-બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહો, વિશ્રામ ગૃહો, રિસોર્ટ, ફાર્મહાઉસ, કોમર્શિયલ એકમો, ઔદ્યોગિક એકમો, જીઆઈડીસી, પેટ્રોલ પંપ, સીએનજી પમ્પ, ગેસ એજન્સી, બેંકો, એટીએમ સેન્ટર, સિનેમા ઘર, શોપિંગ મોલ, ટોલ પ્લાઝા, આંગડિયા પેઢી, સાઈબર કાફે, કારખાના, શોરૂમ, જાહેર બાગ બગીચા, ટ્યુશન ક્લાસીસ, યુનિવર્સિટિ, શાળા-કોલેજો, સમાજની વાડી, ચર્ચ, મંદિર, મસ્જિદ, મદ્રેસા, એમ્યુઝમેન્ટ પાર્ક, વોટરપાર્ક, રોપ-વે, સોની વેપારીની દુકાનો તથા મોટી સંખ્યામાં માણસો ભેગા થતા હોય તેવા મેળા જેવા સ્થળોએ એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ તથા પાર્કિંગના સ્થળોએ તથા જે તે જગ્યાના મહત્વના સ્થળોએ સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે તેમજ તેનું રેકોર્ડિંગ ૩૦ માટે સાચવવાનો રહેશે.

